શ્રેષ્ઠ જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી માટે "અટલ સુશાસન પુરસ્કાર" એનાયત કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક: . ED/MIS/e-file/3/2025/1708/L - Services

15 JUL 2025

**વંચાણે લીધા:**

(1) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૧૭/૦૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: AWR/e-file/1/2024/7126/ARTD2

**પ્રસ્તાવના:**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધા ક્રમ (૧)ના પત્રથી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ શ્રી અટલ બિહારી વાજપેયીના ૧૦૦મા જન્મ જયંતી વર્ષની ઉજવણી કરવાનું રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ છે. સદર પત્રથી લોકો સાથે સંકળાયેલા જે અધિકારી/કર્મચારીઓ તેઓની ફરજ ખૂબ સારી રીતે બજાવતા હોય અને તેઓની ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન મળી રહે, તે માટે રાજ્યના અધિકારી કર્મચારીઓને તેઓની ઉત્કૃષ્ટ કામગીરી બદલ દર વર્ષે "અટલ સુશાસન પુરસ્કાર" આપવાનું નક્કી કરેલ છે.

જિલ્લામાં આવેલ શાળાઓની ગુણવત્તા સુધારવામાં જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ભૂમિકા મહત્ત્વની હોય છે. આથી જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓના વિકાસ, શાળાની ગુણવત્તા સુધારણા, શાળાઓ માટે સામાજિક સહયોગ અને સમાજને લાભદાયી એવા વિશેષ અને ફળદાયી પ્રયાસ કરનાર જિલ્લા કક્ષાના શિક્ષણાધિકારીઓને પ્રોત્સાહન મળે તેમજ અન્ય જિલ્લાના શિક્ષણાધિકારીઓને પ્રેરણા તથા પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી શ્રેષ્ઠ જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી માટે "અટલ સુશાસન પુરસ્કાર" આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આ અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે જિલ્લા કક્ષાએ શાળાઓના વિદ્યાર્થીઓના વિકાસ માટે, શાળાઓની ગુણવત્તાની સુધારણા માટે, શાળાઓ માટે જરૂરી સામાજિક સહયોગ માટે તેમજ સમાજને ઉપયોગી તેવા વિશેષ અને ફળદાયી પ્રયાસ અને નાવિન્યપૂર્ણ પ્રકલ્પ હાથ ધરનાર જિલ્લા શિક્ષણાધિકારીઓ/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી શ્રેષ્ઠ જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને " અટલ સુશાસન પુરુસ્કાર" આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

**ઉક્ત એવોર્ડ આપવા અંગેની જોગવાઇઓ નીચે મુજબ રહેશે.**

1. આ એવોર્ડ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને લાગુ પડશે. આ એવોર્ડ માટે દરેક જિલ્લા શિક્ષણાધિકારીઓએ નિયત નમૂનામાં દરખાસ્ત કરવાની રહેશે.
2. આ એવોર્ડ માટે કોઇ ન્યૂનતમ સેવા ધ્યાને લેવાની રહેશે નહીં અને સતત બે વખત એવોર્ડ મળવાપાત્ર રહેશે નહી.
3. જે શૈક્ષણિક વર્ષ માટે એવોર્ડ એનાયત કરવાના હોય તેની અગાઉના શૈક્ષણિક વર્ષમાં કરેલ કામગીરીને એવોર્ડ સંબંધિત મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવાની રહેશે.
4. જિલ્લા શિક્ષણાધિકારીઓ માટે આ એવોર્ડ માટેના કુલ 100% ગુણાંકન પૈકી 80% ગુણાંકન એનેક્ષર - 1 મુજબ અને 20% ગુણાંકન રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ સમક્ષ તેમની વિશિષ્ટ કામગીરીના સંદર્ભમાં રજૂ કરેલ પ્રેઝન્ટેશનના આધારે સમિતિ દ્વારા કરવામાં આવશે.
5. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ માટે આ એવોર્ડ માટેના કુલ 100% ગુણાંકન પૈકી 80% ગુણાંકન એનેક્ષર - 2 મુજબ અને 20% ગુણાંકન રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ સમક્ષ તેમની વિશિષ્ટ કામગીરીના સંદર્ભમાં રજૂ કરેલ પ્રેઝન્ટેશનના આધારે સમિતિ દ્વારા કરવામાં આવશે.
6. એવોર્ડ માટેની રાજ્ય કક્ષાની પસંદગી સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| 1 | અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર | અધ્યક્ષ |
| 2 | અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રી (સેવા ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર | સભ્ય |
| 3 | અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર | સભ્ય |

| | | |
|---|---|---|
| 4 | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર | સભ્ય |
| 5 | નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર | સભ્ય સચિવ |
| 6 | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર | સભ્ય સચિવ |
| 7 | નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર | સભ્ય |

7. ઉપરોકત સમિતિમાં જિલ્લા શિક્ષણાધિકારીઓ માટેના એવોર્ડ સંબંધિત કામગીરી માટે નિયામકશ્રી, શાળાઓની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ માટેના એવોર્ડ સંબંધિત કામગીરી માટે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ સભ્ય સચિવની ભૂમિકામાં રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(જી.ટી.પંડ્યા)**

**અધિક સચિવ**

**શિક્ષણ વિભાગ**

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્રથી)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૦૧, સરદારભવન, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(પ્રા.શિ./મા.શિ.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ ૦૧, સરદારભવન, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ ૦૨, સરદારભવન, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.શિ/ટે.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ./મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડા (નિ. શાળાઓની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઇલ

## Annexure – 1: જિલ્લા શિક્ષણાધિકારીઓ માટેના એવોર્ડ સંબંધિત મૂલ્યાંકન માટેની યોજના

**કુલ ગુણ = 80**

જિલ્લા શિક્ષણાધિકારીઓ માટેના એવોર્ડ માટે નીચે મુજબની ગુણાંકન યોજના રહેશે.

ભાગ **1**: શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે કરેલ કામગીરી: (કુલ ગુણ **50**)

| ક્રમ | મૂલ્યાંકન માટેનુ ક્ષેત્ર | ગુણ |
|---|---|---|
| 1 | જિલ્લાના બોર્ડના પરિણામમાં સુધારણા | 10 |
| 2 | જિલ્લાની શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના પરિણામમાં સુધારણા | 10 |
| 3 | શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવાના માટેના પ્રયાસ અને સિદ્ધિ | 10 |
| 4 | ધોરણ 9 માં વિદ્યાર્થીઓના નામાંકન માટેના પ્રયાસ અને સિદ્ધિ | 05 |
| 5 | રાજ્ય – રાષ્ટ્ર કક્ષાની સરકારી સંસ્થા દ્વારા શૈક્ષણિક સુધારણા માટે મળેલ પ્રમાણપત્ર/ એવોર્ડ | 10 |
| 6 | શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં સંશોધન અને પ્રકાશન | 05 |
| કુલ | | **50** |

1. જિલ્લા બોર્ડ પરિણામમાં સુધારણા:
   - ધોરણ 10 અને 12ના બોર્ડના પરિણામમાં સુધારણા માટે કરેલ વિશેષ પ્રયાસ અને તેના થકી પરિણામમાં થયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે. આ માટે બંને ધોરણોના પરિણામોમાં થયેલ સરેરાશ વધારો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | જિલ્લાના સરેરાશ પરિણામમાં થયેલ સુધારણા | ગુણ |
|---|---|---|
| 1 | 4.01% કે તેથી વધુ | 10 |
| 2 | 3.01% થી 4% સુધી | 8 |
| 3 | 2.01% થી 3% સુધી | 6 |
| 4 | 1.01% થી 2% સુધી | 4 |
| 5 | 0.1% થી 1% સુધી | 2 |

2. **જિલ્લાની શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના પરિણામમાં સુધારણા:**
   - જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના પરિણામમાં સુધારણા માટે કરેલ વિશેષ પ્રયાસ અને તેના થકી પરિણામમાં થયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | ગુણોત્સવ 2.0 માં જિલ્લાના સરેરાશ પરિણામમાં થયેલ સુધારણા | ગુણ |
|---|---|---|
| 1 | 4.01% કે તેથી વધુ | 10 |
| 2 | 3.01% થી 4% સુધી | 8 |
| 3 | 2.01% થી 3% સુધી | 6 |
| 4 | 1.01% થી 2% સુધી | 4 |
| 5 | 0.1% થી 1% સુધી | 2 |

3. **શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવા માટેના માટેના પ્રયાસ અને સિદ્ધિ:**
   - આ માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે પ્રાપ્ત હાજરીના છેલ્લાં બે વર્ષના ડેટાના આધારે જિલ્લાના વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીમાં થયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | શાળાઓમાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીમાં થયેલ સુધારો | ગુણ |
|---|---|---|
| 1 | 4.01% કે તેથી વધુ | 10 |
| 2 | 3.01% થી 4% સુધી | 8 |
| 3 | 2.01% થી 3% સુધી | 6 |
| 4 | 1.01% થી 2% સુધી | 4 |
| 5 | 0.1% થી 1% સુધી | 2 |

4. **ધોરણ 9 માં વિદ્યાર્થીઓના નામાંકન માટેના પ્રયાસ અને સિદ્ધિ:**
   - આ માટે જિલ્લાના ધોરણ 8 માં પાસ થઇ ધોરણ 9 માં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા કુલ વિદ્યાર્થીઓમાંથી ધોરણ 9 માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | ધોરણ 9 માં વિદ્યાર્થીઓના નામાંકનનું પ્રમાણ | ગુણ |
|---|---|---|
| 1 | ધોરણ 9 માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 96% થી 100% વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. | 5 |
| 2 | ધોરણ 9 માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 91% થી 95% વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. | 3 |
| 3 | ધોરણ 9 માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 80% થી 90% વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. | 2 |
| 4 | ધોરણ 9 માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 76% થી 80% વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. | 1 |

5. **રાજ્ય – રાષ્ટ્ર કક્ષાની સરકારી સંસ્થા દ્વારા શૈક્ષણિક સુધારણા માટે મળેલ પ્રમાણપત્ર/ એવોર્ડ:**
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | રાજ્ય – રાષ્ટ્ર કક્ષાની સરકારી સંસ્થા દ્વારા શૈક્ષણિક સુધારણા<br><br>માટે મળેલ પ્રમાણપત્ર/ એવોર્ડ | ગુણ |
|---|---|---|
| 1 | રાષ્ટ્ર કક્ષાએ પ્રમાણપત્ર/ એવોર્ડ મળેલ છે. | 10 |
| 2 | રાજ્ય કક્ષાએ પ્રમાણપત્ર/ એવોર્ડ મળેલ છે. | 5 |

6. **શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં સંશોધન અને પ્રકાશન:**
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં સંશોધન અને પ્રકાશન | ગુણ |
|---|---|---|
| 1 | આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 5 |
| 2 | રાષ્ટ્ર કક્ષાએ 1 (એક) કરતાં વધુ સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 4 |
| 3 | રાષ્ટ્ર કક્ષાએ 1 (એક) સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 3 |
| 4 | રાજ્ય કક્ષાએ 1 (એક) કરતાં વધુ સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 2 |
| 5 | રાજ્ય કક્ષાએ 1 (એક) સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 1 |

**ભાગ 2: વહીવટી સુધારણા માટે કરેલ કામગીરી: (કુલ ગુણ 30)**

| ક્રમ | મૂલ્યાંકન માટેનું ક્ષેત્ર | ગુણ |
|---|---|---|
| 1 | પર્ફોમન્સ એપ્રાઇઝલ રિપોર્ટ (PAR)માં મેળવેલ ગુણ | 10 |
| 2 | વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેની સફળતા | 10 |
| 3 | શાળાઓમાં શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વધારવા માટે મેળવેલ લોક સહયોગ | 10 |
| કુલ | | **30** |

1. **પર્ફોમન્સ એપ્રાઇઝલ રિપોર્ટ (PAR)માં મેળવેલ ગુણ:**
   - અહીં અધિકારીશ્રીએ એવોર્ડ માટેના વર્ષના અગાઉના વર્ષના PAR માં મેળવેલ ગુણને 10 ગુણમાંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ માટે નીચે મુજબની ફોર્મ્યુલાનો ઉપયોગ થશે.
   - 10માંથી મળવાપાત્ર ગુણ = PAR માં મળેલ ગુણ / 10
2. **વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેની સફળતા:**
   - આ માટે અધિકારીશ્રીએ વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેમાં મળેલ સફળતાને ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેની સફળતા | ગુણ |
|---|---|---|
| 1 | કચેરીની કાર્યપદ્ધતિની સુધારણા માટે કોઇ પ્રકલ્પ હાથ ધરેલ છે અને તેનાથી વહીવટી કાર્યમાં સુધારણા થયેલ છે. (E - Governance) | 5 |
| 2 | સ્થાનિક (શાળા) કક્ષાએ કોઇ વહીવટી સમસ્યાના ઉકેલ માટે કે વહીવટી સુધારણા માટે કોઇ પ્રકલ્પ હાથ ધરેલ છે અને તેનાથી વહીવટી કાર્યમાં સુધારણા થયેલ છે.<br><br>(E – Governance અને અન્ય) | 5 |

3. **શાળાઓમાં શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વધારવા માટે મેળવેલ લોક સહયોગ:**
   - આ માટે અધિકારીશ્રીના પ્રયાસથી શાળાને પ્રાપ્ત થયેલ શૈક્ષણિક અને માળખાકીય સુવિધાઓની વિગતો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વધારવા માટે મેળવેલ લોક સહયોગ | ગુણ |
|---|---|---|
| 1 | શાળાઓમાં શૈક્ષણિક સુવિધાઓ વધારવા માટે લોક સહયોગ પ્રાપ્ત કરેલ છે. | 5 |
| 2 | શાળાઓમાં માળખાકીય કે ભૌતિક સુવિધાઓ વધારવા માટે લોક સહયોગ પ્રાપ્ત કરેલ છે. | 5 |

**Annexure – 2: જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ માટેના એવોર્ડ સંબંધિત મૂલ્યાંકન માટેની યોજના**

**કુલ ગુણ = 80**

..........................................................................................................................................................................................................
....

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ માટેના એવોર્ડ માટે નીચે મુજબની ગુણાંકન યોજના રહેશે.

**ભાગ 1: શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે કરેલ કામગીરી: (કુલ ગુણ 50)**

| ક્રમ | મૂલ્યાંકન માટેનું ક્ષેત્ર | ગુણ |
|---|---|---|
| 1 | જિલ્લાની શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના પરિણામમાં સુધારણા | 10 |
| 2 | રાજ્ય દ્વારા આયોજિત CET અને CGMS પરીક્ષાઓમાં જિલ્લાના વિદ્યાર્થીઓની ભાગીદારી | 10 |
| 3 | શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવાના માટેના પ્રયાસ અને સિદ્ધિ | 10 |
| 4 | રાજ્ય – રાષ્ટ્ર કક્ષાની સરકારી સંસ્થા દ્વારા શૈક્ષણિક સુધારણા માટે મળેલ પ્રમાણપત્ર/ એવોર્ડ | 10 |
| 5 | શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં સંશોધન અને પ્રકાશન | 10 |
| કુલ | | **50** |

1. **જિલ્લાની શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના પરિણામમાં સુધારણા:**
   - જિલ્લાની પ્રાથમિક શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના પરિણામમાં સુધારણા માટે કરેલ વિશેષ પ્રયાસ અને તેના થકી પરિણામમાં થયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | ગુણોત્સવ **2.0** માં જિલ્લાના સરેરાશ પરિણામમાં થયેલ સુધારણા | ગુણ |
|---|---|---|
| 1 | 4.01% કે તેથી વધુ | 10 |
| 2 | 3.01% થી 4% સુધી | 8 |
| 3 | 2.01% થી 3% સુધી | 6 |
| 4 | 1.01% થી 2% સુધી | 4 |
| 5 | 0.1% થી 1% સુધી | 2 |

2. **રાજ્ય દ્વારા આયોજિત CET અને CGMS પરીક્ષાઓમાં જિલ્લાના વિદ્યાર્થીઓની ભાગીદારી:**
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.
   - આ માટે બંને પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિની સરેરાશ ધ્યાને લેવામાં આવશે.

| ક્રમ | CET અને **CGMS** પરીક્ષાઓમાં જિલ્લાના વિદ્યાર્થીઓની ભાગીદારી | ગુણ |
|---|---|---|
| 1 | પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થી પૈકી પૈકી 96% થી 100% વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. | 10 |
| 2 | પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થી પૈકી પૈકી 91% થી 95% વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. | 8 |
| 3 | પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થી પૈકી પૈકી 86% થી 90% વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. | 6 |
| 4 | પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થી પૈકી પૈકી 81% થી 85% વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. | 4 |
| 5 | પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થી પૈકી પૈકી 76% થી 80% વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. | 2 |

3. **શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવા માટેના પ્રયાસ અને સિદ્ધિ:**
   - આ માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે પ્રાપ્ત હાજરીના છેલ્લાં બે વર્ષના ડેટાના આધારે જિલ્લાના વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીમાં થયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | શાળાઓમાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીમાં થયેલ સુધારો | ગુણ |
|---|---|---|
| 1 | 4.01% કે તેથી વધુ | 10 |
| 2 | 3.01% થી 4% સુધી | 8 |
| 3 | 2.01% થી 3% સુધી | 6 |
| 4 | 1.01% થી 2% સુધી | 4 |
| 5 | 0.1% થી 1% સુધી | 2 |

4. **રાજ્ય – રાષ્ટ્ર કક્ષાની સરકારી સંસ્થા દ્વારા શૈક્ષણિક સુધારણા માટે મળેલ પ્રમાણપત્ર/ એવોર્ડ:**
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | રાજ્ય – રાષ્ટ્ર કક્ષાની સરકારી સંસ્થા દ્વારા શૈક્ષણિક સુધારણા માટે મળેલ પ્રમાણપત્ર/ એવોર્ડ | ગુણ |
|---|---|---|
| 1 | રાષ્ટ્ર કક્ષાએ પ્રમાણપત્ર/ એવોર્ડ મળેલ છે. | 10 |
| 2 | રાજ્ય કક્ષાએ પ્રમાણપત્ર/ એવોર્ડ મળેલ છે. | 5 |

5. શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં સંશોધન અને પ્રકાશન:
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં સંશોધન અને પ્રકાશન | ગુણ |
|---|---|---|
| 1 | આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 10 |
| 2 | રાષ્ટ્ર કક્ષાએ 1 (એક) કરતાં વધુ સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 8 |
| 3 | રાષ્ટ્ર કક્ષાએ 1 (એક) સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 6 |
| 4 | રાજ્ય કક્ષાએ 1 (એક) કરતાં વધુ સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 4 |
| 5 | રાજ્ય કક્ષાએ 1 (એક) સંશોધનપત્ર રજૂ કરેલ છે/ સંશોધનપત્ર પ્રસિદ્ધ થયેલ છે. | 2 |

ભાગ **2: વહીવટી સુધારણા માટે કરેલ કામગીરી: (કુલ ગુણ 30)**

| ક્રમ | મૂલ્યાંકન માટેનું ક્ષેત્ર | ગુણ |
|---|---|---|
| 1 | પર્ફોમન્સ એપ્રાઇઝલ રિપોર્ટ (PAR)માં મેળવેલ ગુણ | 10 |
| 2 | વહીવટી સુધારણા માટે જિલ્લા કક્ષાએ હાથ ધરેલ પ્રકલ્પ અને તેની સફળતા | 10 |
| 3 | શાળાઓમાં શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વધારવા માટે મેળવેલ લોક સહયોગ | 10 |
| કુલ | | **30** |

1. **પર્ફોમન્સ એપ્રાઇઝલ રિપોર્ટ (PAR)માં મેળવેલ ગુણ:**
   - અહીં અધિકારીશ્રીએ એવોર્ડ માટેના વર્ષના અગાઉના વર્ષના PAR માં મેળવેલ ગુણને 10 ગુણમાંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ માટે નીચે મુજબની ફોર્મ્યુલાનો ઉપયોગ થશે.
   - 10માંથી મળવાપાત્ર ગુણ = PAR માં મળેલ ગુણ / 10

2. **વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેની સફળતા:**
   - આ માટે અધિકારીશ્રીએ વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેમાં મળેલ સફળતાને ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | વહીવટી સુધારણા માટે હાથ ધરેલ પ્રકલ્પ અને તેની સફળતા | ગુણ |
|---|---|---|
| 1 | કચેરીની કાર્યપદ્ધતિની સુધારણા માટે કોઈ પ્રકલ્પ હાથ ધરેલ છે અને તેનાથી વહીવટી કાર્યમાં સુધારણા થયેલ છે. (E - Governance) | 5 |
| 2 | સ્થાનિક (શાળા) કક્ષાએ કોઈ વહીવટી સમસ્યાના ઉકેલ માટે કે વહીવટી સુધારણા માટે કોઈ પ્રકલ્પ હાથ ધરેલ છે અને તેનાથી વહીવટી કાર્યમાં સુધારણા થયેલ છે.<br><br>(E – Governance અને અન્ય) | 5 |

3. **શાળાઓમાં શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વધારવા માટે મેળવેલ લોક સહયોગ:**
   - આ માટે અધિકારીશ્રીના પ્રયાસથી શાળાને પ્રાપ્ત થયેલ શૈક્ષણિક અને માળખાકીય સુવિધાઓની વિગતો ધ્યાને લેવામાં આવશે.
   - આ મૂલ્યાંકન ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વધારવા માટે મેળવેલ લોક સહયોગ | ગુણ |
|---|---|---|
| 1 | શાળાઓમાં શૈક્ષણિક સુવિધાઓ વધારવા માટે લોક સહયોગ પ્રાપ્ત કરેલ છે. | 5 |
| 2 | શાળાઓમાં માળખાકીય કે ભૌતિક સુવિધાઓ વધારવા માટે લોક સહયોગ પ્રાપ્ત કરેલ છે. | 5 |